મેઘરજની વાત્રક નદીમાંથી ખનીજની બેફામ થતી ચોરી : ખનીજ તંત્ર નિંદ્રાધીન

(તસવીર : જય અમીન, મોડાસા)

મોડાસા, તા.૨૪

અરવલ્લી જિલ્લાના ખાણ અને ખનીજ વિભાગ અરવલ્લી જિલ્લામાંથી ખનીજની ચોરી કરતા ભૂમાફિયાઓ સામે લાચાર જણાય છે. અરવલ્લી જિલ્લાના પહાડો અને નદીઓમાંથી ખનીજચોરો ખનીજની બેફામ ચોરી કરતા હોવા છતાં અરવલ્લી જિલ્લાના ભૂસ્તરશાસ્ત્રી ભૂમાફિયાઓને ડામવામાં નિષ્ફળ રહ્યા હોય તેમ બેફામ રીતે વગર લીઝે અરવલ્લી જિલ્લામાંથી ખનીજ ઉલેચી આજુબાજુના જિલ્લામાં અને રાજયોમાં ખનીજનો સપ્લાય કરતા જોવા મળે છે.

મેઘરજ તાલુકાના મોટી મોયડી ગામ નજીક આવેલી વાત્રક નદીમાંથી ખનીજની ચોરી કરતા ચોરો બેફામ બન્યા છે. દરરોજ વાત્રક નદીમાંથી મોટા પાયે ખનીજનું વહન બેરોકટોક પણે અને કાયદાની કોઈ જ બીક ના હોય તેમ ભૂમાફીયાઓ વર્તી રહ્યા છે. અરવલ્લી જિલ્લા ખાણ ખનીજ વિભાગ દ્વારા જો આવા ખનીજની ચોરી કરતા ઈસમો સામે કાયદેસર કાર્યવાહી કરવામાં આવે તો જિલ્લાની નદીઓમાંથી ખનીજની ચોરી અટકાવી શકાશે. આધારભૂત સૂત્રોના જણાવ્યા અનુસાર આ નદીમાંથી ખનીજ વહન કરવા માટેની લીઝ આપવામાં આવી નથી આ નદીમાંથી રોજના અસંખ્ય વાહનો ખનીજ ભરી સગેવગે થઈ જતા હોય છે જેથી નદીના વિસ્તારમાં મોટા મોટા ખાડાઓ પડેલા જોવા મળે છે. ત્યારે અરવલ્લી જિલ્લા ખાણ ખનીજ વિભાગ અને મેઘરજ મહેસુલ તંત્ર દ્વારા આવા લોકો સામે લાલ આંખ કરવામાં આવે તેમજ ભૂમાફિયાઓ વિરૂધ્ધ કડક કાયેદસરના પગલા ભરવામાં આવે તો ખનીજ ચોરી અટકાવી પર્યાવરણ અને વાત્રક નદીમાંથી રેતી-કાંકરો લૂંટાતો અટકાવી શકાય તેમ છે.

ગુજરાતમાં સ્વાઈન ફ્લુના વધુ ૧૯૦ કેસ

૨૧૫૮ લોકોને સારવાર બાદ સંપૂર્ણ સાજા થયાની જાહેરાત કરાઈ : જનજાગૃતિ ઝુંબેશ જારી

અમદાવાદ, તા. ૨૪

ગુજરાતમાં સ્વાઈન ફ્લુના વધુ ૧૯૦ કેસ સપાટી ઉપર આવ્યા હતા. જેમાં અમદાવાદમાં ૯૮ કેસો સપાટી ઉપર આવ્યા હતા. આજે વધુ ૧૨ લોકોના મોત થતાં મોતનો આંકડો વધીને ૨૩૧ ઉપર પહોંચી ગયો છે જ્યારે કુલ કેસોની સંખ્યા વધીને ૩૫૨૭ સુધી પહોંચી ગઈ છે. સૌથી ચિંતાજનક બાબત એ છે કે, સ્વાઈન ફ્લુથી હવે દરરોજ સરેરાશ ૧૦ જેટલા લોકોના મોત થઈ રહ્યા છે. કેસોની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થવાના બદલે કેસોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. આજે ગુજરાતભરમાં વધુ ૧૯૦ કેસ સપાટી ઉપર આવ્યા હતા જેથી કેસોની સંખ્યા પહેલી જાન્યુઆરી બાદથી વધીને ૩૫૨૭ની નજીક પહોંચવા જઈ રહી છે જ્યારે વધુ ૧૨ના મોત સાથે મોતનો આંકડો બેવડી સદીમાં પહોંચી ગયો છે. આજે આ આંકડો વધીને ૨૩૧ ઉપર પહોંચ્યો હતો. દરરોજ સરેરાશ ૧૦થી વધુ લોકોના મોત સ્વાઈન ફ્લુથી થઈ રહ્યા છે. તંત્ર ચિંતાતુર થયેલું છે. બેઠકોના દોર અને જનજાગૃતિના પ્રયાસ તથા પુરતા તબીબી પગલા છતાં સ્વાઈન ફ્લુ બેકાબૂ બનેલો છે. આજે સ્વાઈન ફ્લુથી વધુ ૧૨ લોકોના મોત થયા હતા જેથી મોતનો આંકડો વધીને હવે ૨૩૧ ઉપર પહોંચી ગયો છે. આજે ગુજરાતભરમાં સ્વાઈન ફ્લુના વધુ ૧૯૦ કેસો સપાટી ઉપર આવ્યા હતા જેથી કેસોની સંખ્યા હવે ૩૫૨૭થી ઉપર પહોંચી ચુકી છે. સમગ્ર રાજ્યમાં જનજાગૃતિ ઝુંબેશ વ્યાપકરીતે જારી છે. ગુજરાતમાં સ્વાઈન ફ્લુથી મોતનો સિલસિલો અવિરત પણે જારી રહ્યો છે. જાન્યુઆરી બાદથી કિલર સ્વાઈન ફ્લુ બેકાબૂ બનેલો છે અને નવા નવા વિસ્તારો સકંજામાં આવી રહ્યા છે. જુદા જુદા શહેરોમાં સ્વાઈન ફ્લુનો આતંક અવિરત જારી રહ્યો છે. આજે જે વિસ્તારમાં નવા કેસો સ્વાઈન ફ્લુના નોંધાયા હતા તેમાં અમદાવાદમાં ૯૮, વડોદરામાં ૪, સુરતમાં ૧૮, ગાંધીનગરમાં ૯, મહેસાણા ૬, ખેડામાં ૪, બનાસકાંઠા ૯, આણંદમાં ૪, સાબરકાંઠામાં ૧૦, કચ્છ છ, રાજકોટ છનો સમાવેશ થાય છે. અન્ય જુદા જુદા વિસ્તારમાં ૧૨ કેસો નોંધાયા હતા. જેથી તંત્રમાં દહેશત અને દોડધામ યથાવત રહી હતી. આજે સ્વાઈન ફ્લુથી જ્યાં મોત થયા હતા તેમાં અમદાવાદમાં બે, ગાંધીનગરમાં બે, સુરત, વડોદરા, રાજકોટ, ખેડા, અમરેલી, સાબરકાંઠા, મોરબી અને પોરબંદરમાં એક-એક વ્યક્તિનું મોત થયું છે. સ્વાઈન ફ્લુ રોગનો ખતરો સતત વધી રહ્યો છે. ગુજરાતભરમાં સ્વાઈન ફ્લુ વધુ વકર્યો છે. સેંકડો દર્દી સારવાર હેઠળ હોવાની માહિતી મળી રહી છે. સ્વાઈન ફ્લુને લઈને સામાન્ય લોકોમાં પણ સતત ભય જોવા મળી રહ્યો છે. રાજ્યમાં સ્વાઈન ફ્લુના કેસોની સંખ્યામાં વધારો ધ્યાનમાં આવતા જ રાજ્યના આરોગ્ય વિભાગે આ રોગના અટકાયત માટે તથા સારવાર વ્યવસ્થાપનના તંત્રને સાબદુ કરી દીધું છે. અત્રે ઉલ્લેખનીય છે કે, સ્વાઈન ફ્લુને રોકવા માટે તંત્ર સંપૂર્ણપણે સજ્જ છે. છતાં કેસો ઘટાડો થઈ રહ્યો નથી. રાજ્યભરમાં જનજાગૃતિ ઝુંબેશ ચાલી રહી છે. સ્વાઈન ફ્લુ અંગે માહિતી આપવામાં આવી રહી છે પરંતુ રોગચાળો બેકાબૂ બનેલો છે. સ્વાઈન ફ્લુને રોકવા દવાઓનો જથ્થો પણ ઉપલબ્ધ કરાવવામાં આવ્યો છે. કુશળ નિષ્ણાત તબીબો પણ તૈનાત કરાયા છે છતાં લોકોમાં વ્યાપક દહેશત ફેલાયેલી છે. પ્રાપ્ત અહેવાલ મુજબ સ્વાઈન ફ્લુ રોગમાંથી સંપૂર્ણપણે સાજા થઈ ચુકેલા લોકોની સંખ્યા ૨૧૫૮ સુધી પહોંચી છે. હજુ પણ હજારો લોકો સારવાર હેઠળ હોવાનું જાણવા મળેલ છે.

વડાગામની ગોપાલસિંહ શ્રેયસ વિદ્યાલયમાં માર્ગદર્શન સેમિનાર યોજાયો

(તસવીર : બાબુભાઈ પટેલ, વડાગામ)

વડાગામ, તા.૨૪

અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના વડાગામની શ્રી ઠાકોરશ્રી ગોપાલસિંહજી શ્રેયસ વિદ્યાલયના ધો-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓને અરવલ્લી જિલ્લાના તજજ્ઞ અને લેખક ડૉ. સંતોષ દેવકર દ્વારા પરીક્ષાલક્ષી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

ધનસુરા તાલુકાના વડાગામના શ્રી ઠાકોરશ્રી ગોપાલસિંહજી શ્રેયસ વિદ્યાલયના ધો-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓને શાળામાંથી વિદાય આપતા પહેલા વિદ્યાર્થીઓ અભ્યાસ દરમિયાન અને અભ્યાસપૂર્ણ કર્યા પછી જીવનકાળ દરમિયાન સફળતા અને જીવનમાં આગળ પ્રગતિ કરે તેવા ઉમદા હેતુથી વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવા માટે મોડાસાની બીએડ કોલેજના આચાર્ય સંતોષ દેવકરે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિદ્યાર્થઓને જણાવ્યુ ંહતું કે વિદ્યાર્થીઓએ હવે નોકરી મેળવવા માટે સ્પર્ધાત્મક પરીક્ષાઓ આપવી જ પડશે. તેમના જીવનમાં આગળ વધવા માટે આત્મવિશ્વાસ જરુરી છે. અન્ય કોઈ તમારો વિકાસ કરવાનું નથી તમારો વિકાસ તમારે જાતે જ કરવો પડશે. વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવાના આ કાર્યક્રમમાં પૂર્વ ધારાસભ્ય અને કાર્યક્રમના અધ્યક્ષ દિલીપસિંહજી પરમાર, ઉપપ્રમુખ અને શાળાના આચાર્ય ગુણવંતસિંહ તથા બાબુભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા અંદાજે ૩૦૦ વિદ્યાર્થીઓએ આ કાર્યક્રમમાં માર્ગદર્શન મેળવ્યું હતું.

ગુજરાત યુનિવર્સિટી વિદ્યાર્થી સેનટ ચૂંટણી પરિણામ જાહેર

જીત બાદ જોરદાર ઉજવણીનો માહોલ રહ્યો : એબીવીપી અને એનએસયુઆઈનો ચાર-ચાર બેઠક પર વિજય થયો : બે બેઠકો બિનહરીફ જાહેર કરવામાં આવી

અમદાવાદ, તા.૨૪

છેલ્લા કેટલાક સમયથી ચર્ચાનું કેન્દ્ર બનેલ ગુજરાત યુનિવર્સિટીની વિદ્યાર્થી સેનેટની ચૂંટણીનું પરીણામ જાહેર કરી દેવામાં આવ્યું છે જેમાં ૧૦ બેઠક પૈકી ચાર બેઠકો ઉપર એબીવીપીના ઉમેદવાર, ચાર બેઠક ઉપર એનએસયુઆઈમાં ઉમેદવાર વિજેતા બન્યા છે જ્યારે બે બેઠકો બિનહરીફ જાહેર કરવામાં આવી છે. પ્રાપ્ત થતિ માહિતી મુજબ ગુજરાત યુનિવર્સિટીમાં આજે ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે વિદ્યાર્થી સેનેટની મતગણતરી હાથ ધરવામાં આવી હતી. આ ચૂંટણીમાં બંન્ને મુખ્ય વિદ્યાર્થી સંગઠન એનએસયુઆઈ અને એબીવીપીનું એક સમાન વર્ચસ્વ જોવા મળ્યું હતું. એટલે કે, વિદ્યાર્થી સેનેટની ૧૦ બેઠકો પૈકી ચાર બેન્કો ઉપર એનએસયુઆઈ અને ચાર બેઠકો ઉપર એબીવીપીનાં ઉમેદવારો વિજેતા બન્યા છે. જેનાં એનએસયુઆઈનાં ખાતામાં પીજી.આર્ટસ, પીજી કોમર્સ, લો અને એજ્યુકેશન પી.જી સાયન્સ, યુજી સાયન્સ, યુજી આર્ટસ ફેકલ્ટીની બેઠકો ઉપર એબીવીપીના ઉમેદવારો વિજેતા બન્યા છે તો મેડિકલ અને ડેન્ટલ ફેકલ્ટીની બેઠક ઉપર માત્ર એક એક ઉમેદવારોએ ભરેલ ફોર્મ અંતિમ ઘડીએ હાઈકોર્ટ દ્વારા માન્ય રાખવામાં આવતા આ બંન્ને બેઠકો બિનહરીફ જાહેર કરવામાં આવી છે. એબીવીપીનો દાવો છે કે જાહેર કરાયેલ ઉમેદવારો તેમના પક્ષના છે. જો કે એનએસયુઆઈ દ્વારા એબીવીપીના આ દાવાને ફગાવી દેવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે વિદ્યાર્થી સેનેટની ૧૦ બેઠકો પૈકી ૮ બેઠકો માટે રવિવારે અમદાવાદ શહેરના અને ગ્રામ્યના કુલ મળી ૪૪ મતદાન કેન્દ્રો પર મતદાનની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જેમાં કુલ ૪૧ ઉમેદવારોએ પોતાનું ભવિષ્ય અજમાવ્યું હતું. આ ચૂંટણીની મતગણતરી આજે હાથ ધરાતા વિદ્યાર્થી સેનેટનું ચિત્ર સ્પસ્ટ બન્યુ છે.

તલોદ સાયન્સ કોલેજમાં વાર્ષિકોત્સવની ભવ્ય ઉજવણી

તલોદ, તા. ૨૪

સી.ડી. પટેલ મહાવિદ્યામંડળ સંચાલિત એસ.એમ.પંચાલ સાયન્સ કોલેજમાં સપ્તધારા અંતર્ગત વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ. જેમાં ક્વીઝ, મહેંદી, ચિત્ર, રંગોળી, નિબંધ, કાવ્ય પઠન, ગીત, સંગીત તેમજ સામુદાયિક સેવા જેવી સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. અંદાજે ૧૦૦ જેટલા વિદ્યાર્થી ભાઈ-બહેનોએ તેમાં ભાગ લીધો હતો. સપ્તધારાની વિવિધ કમિટીઓ દ્વારા સફળ સંચાલન કરવામાં આવ્યું. પ્રિ. ડૉ. સમીર સી. પરીખે વિજેતા વિદ્યાર્થીઓને બિરદાવી સર્ટીફિકેટ એનાયત કર્યા હતા.

કોલેજની વિવિધ પ્રવૃત્તિઓમાં અગ્રેસર રહેલ વિદ્યાર્થી ભાઈ બહેનોને ટ્રોફી અને સર્ટીફિકેટ એનાયત કાર્યક્રમ રાખવામાં આવેલ. જેમાં મંડળના ઉપપ્રમુખ મહેશભાઈ ઉપાધ્યાય, માનદમંત્રી દિનેશભાઈ પટેલ, કારોબારી સભ્ય રતિલાલ શાહ ઉપસ્થિત રહેલ. એન.એસ.એસ. એન.સી.સી., રમત-ગમત, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ તેમજ અભ્યાસમાં અગ્રેસર એવા પ્રથમ, દ્વિતિય અને તૃતિય ક્રમે રહેલ અંદાજીત ચારસો જેટલા વિદ્યાર્થીઓને ટ્રોફી અને સર્ટીફિકેટ આપી સન્માનવામાં આવેલ. તે સાથે ભૂતપૂર્વ વિદ્યાર્થી ભાઈ-બહેનોને પણ આમંત્રણ આપી મંડળના મોવડીઓ તેમજ કોલેજના આચાર્ય તેમજ ઉપાચાર્યના વરદ હસ્તે ઈનામ આપવામાં આવ્યા હતા. આ અંગે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ હકારાત્મક પ્રતિભાવ આપી કોલેજની યાદો અને તેમના જીવનમાં કોલેજ અભ્યાસ અને અભ્યાસેત્તર પ્રવૃત્તિઓના ફાળા વિશે વિગતો માહિતી આપી કોલેજના આચાર્યશ્રી તેમજ અધ્યાપકો અને બિનશૈક્ષણિક સ્ટાફમિત્રોએ ભારે જહેમત ઉઠાવી આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

કોલેજ કેમ્પસમાં 'ઉડાન-૨૦૧૫' કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં વિવિધ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું નિદર્શન કરવામાં આવેલ. સમારંભના ઉદ્‌ઘાટક ધારાસભ્યશ્રી મહેન્દ્રભાઈ વાઘેલા અને અતિથિ વિશેષ શ્રી ડૉ. વી.એન. રાવલ સાહેબ તેમજ શ્રી સી.ડી. પટેલ મહાવિદ્યા મંડળના ઉપપ્રમુખશ્રી મહેશભાઈ ઉપાધ્યાય, માનદમંત્રી દિનેશભાઈ પટેલ તેમજ અન્ય હોદ્દેદારો હાજર રહેલ.

શબ્દાવલી - ૫૬૫૩

૧		૨	૩	■	૪	૫	૬
	■	૭		■	૮		
૯		■	૧૦	૧૧		■	
	■	૧૨	■	૧૩		■	
■	૧૪		૧૫	■	૧૬	૧૭	■
૧૮	■	■	૧૯	૨૦	■	૨૧	૨૨
૨૩	૨૪	■	■	૨૫	૨૬		
૨૭			■	૨૮		■	

આડી ચાવી

૧. મીઠુ, બધા રસ જેમાં સમાય તે (૪)
૪. સુંદર, મજાનું (૩)
૭. ખેતી, ખેતર ખેડવું તે (૨)
૮. શોક (૩)
૯. બરફનો વરસાદ (૨)
૧૦. લાઇન, લેન (૩)
૧૩. કાપડનો વીંટો (૨)
૧૪. વસવું તે (૩)
૧૬. એક કઠોળ (૨)
૧૯. પ્યાલો, દારૂ પીવે તે પ્યાલી (૨)
૨૧. ત્રેવડ, ... પ્રમાણે (૨)
૨૩. મહેંદી (૨)
૨૫. ગણપતિનું એક નામ (૪)
૨૭. પરણવું તે, વિવાહ (૩)
૨૮. નસ, નાડ (૨)

ઊભી ચાવી

૧. જાનવર - કસરત વગેરેના ખેલ (૪)
૨. ચૂકે, ભૂલથી પણ (૨)
૩. રોડ, કેડી, રસ્તો (૩)
૪. સુધારા-વધારાનું કામ(૫)
૫. મશગુલ (૨)
૬. વેવાણ (૪)
૧૧. કાલી ભાષામાં રોટલા(૨)
૧૨. નજીક, જોડે (૨)
૧૫. રાય, કીંગ (૨)
૧૭. આકાશ, નભ (૨)
૧૮. કિનારો, કાંઠો (૩)
૨૦. એક જળચર (૩)
૨૨. સીતાજી (૩)
૨૪. સાપ (૨)
૨૬. ઉઠ... મુસાફિર ભોર ભઇ... (૨)

શબ્દાવલી ૫૬૫૨ના જવાબ

આડી ચાવી :- (૧) મોનાલીસા (૪) કુલી (૬) હાંસી (૭) જનસંપર્ક (૮) ધપાવવું (૧૦) ગણ (૧૧) સર (૧૫) તાનાશાહી (૧૬) ઉતારો (૧૮) મણ (૧૯) સમ (૨૦) બેતાબ (૨૨) સીમાડો (૨૩) ગીરવી

ઊભી ચાવી :- (૧) મોહાંધ (૨) નાસીપાસ (૩) સાજવુ (૪) કુસંગ (૫) લીપણ (૯) વરતારો (૧૨) કુશાગ્ર (૧૩) ધોવાણ (૧૪) હાઉસ (૧૭) તામસી (૨૦) બેડો (૨૧) બગી

રાજ્યના અંદાજપત્રનું કદ

● અનુસંધાન પહેલાનું ચાલુ

યોજનાઓ ચાલુ છે તેમાં નાણાકીય ફાળવણીની રકમમાં વધારો કર્યો છે. બીજી તરફ આ વર્ષે સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણીઓ આવતી હોવાથી પ્રજાને અસર થાય તેવા કોઇ કરવેરા દાખલ કર્યા નથી. જો કે રાહતો આપવામાં પણ નાણામંત્રીએ કંજૂસાઇ કરી છે. પેટ્રોલ અને ડિઝલના ભાવવધારાથી અસંતોષ ઠારવા માટે સરકારે વેલ્યુ એડેડ ટેક્સમાં કોઇપણ પ્રકારનો ફેરફાર કર્યો નથી. રાજય સરકારે જેમાં રાહત આપી છે તે વિમાનોમાં વપરાતા પેટ્રોલ પરની છે. આ વેરાના દર ઘટાડીને પાંચ ટકા કરવામાં આવ્યા છે પરંતુ તે સામાન્ય માનવીને અસર કરતા નથી.

રાજયમાં ઇમિટેશન જવેલરીનો વેરા દર પાંચ ટકાથી ઘટાડીને એક ટકો કરવામાં આવ્યો છે. ઓરલ સોન્ટ્રાસેપ્ટિવ પિલ્સમાં વેરામાફી આપવામાં આવી છે. ઇસબગુલ અને ભૂસીમાં પણ સંપૂર્ણ વેરામાફી અપાઇ છે. ખાદીના કોટન રોવિંગ્સમાં વેરા ભારણ ઘટાડવામાં આવ્યું છે, જયારે ટેકનિકલ ટેક્સટાઇલમાં પાંચ ટકાનો વેરો દાખલ કરવામાં આવ્યો છે.

રાજયના નાણામંત્રીએ તબીબી સુવિધાઓમાં સુધારો કર્યો છે. રાજયમાં લોકપ્રિય બનેલી ૧૦૮ એમ્બ્યુલન્સ સેવામાં નવી ૧૧૦ બસ જોડવામાં આવશે. દવા વિતરણ વ્યવસ્થા માટે વધુ સાત ડેપો ખોલવાનું આયોજન છે. જન્મ-મરણની નોંધણીની સુવિધા ઓનલાઇન ઉપલબ્ધ કરવા માટે ચાર કરોડની જોગવાઇ સૂચવવામાં આવી છે. અમદાવાદની કિડની હોસ્પિટલના વિસ્તરણ માટે ૧૮૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે, જયારે સુરતમાં કિડની હોસ્પિટલ માટે ૪૦ કરોડનું આયોજન છે.

મહિલા અને બાળ વિકાસ હેઠળના પ્લાન માટે ૨૪૫૦ કરોડની માતબર રકમની જોગવાઇ સૂચવવામાં આવી છે. સ્વાવલંબન યોજના હેઠળ વાર્ષિક ૨૦૦૦ની બચત કરનારા ૬૦ વર્ષથી ઉપરના વ્યક્તિને કેન્દ્ર અને રાજય એમ બન્ને સ્કીમ મળીને કુલ ૧૫૦૦ રૂપિયા પેન્શન પેટે મળશે. વિદેશમાં વસતા ગુજરાતીઓ ઓનલાઇન ગુજરાતી ભાષા શિખી શકે તે માટે સરકારે ૨.૮૫ કરોડની જોગવાઇ કરી છે. ઉર્જા વિભાગમાં સરકારે ૬૬૦૦ કરોડનું અને બંદરો તેમજ વાહન વ્યવહાર માટે ૧૨૫૨ કરોડનું બજેટ ફાળવ્યું છે.

અમદાવાદના રિવરફ્રન્ટમાં સરકાર ૨૫ કરોડનું કાયમી ઔદ્યોગિક પ્રદર્શન કેન્દ્ર ઉભું કરવા માગે છે. સુરતમાં ટેક્સટાઇલ યુનિવર્સિટી માટે ૧૦ કરોડ ફાળવ્યા છે. પ્રવાસનના વિકાસ માટે ૮૫૦ કરોડ તેમજ શ્રમ-રોજગાર માટે ૧૪૫૩ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. સરકારે મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન માટે ૧૨૦૦ કરોડ અને મુખ્યમંત્રી ગૃહ યોજના માટે ૧૧૦૦ કરોડની વ્યવસ્થા કરી છે. સરકારે ઉદ્યોગોમાં ખાસ કરીને સ્મોલ અને મધ્યમ એકમો માટે ૩૬૨૩ કરોડનું આયોજન કર્યું છે. ધોલેરાના વિકાસ માટે ૩૦ કરોડ અને બેચરાજી સર માટે ૧૦ કરોડનું આયોજન કર્યું છે. દરિયાકાંઠાના ટાપુઓના વિકાસ માટે સરકારે આઇલેન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી રચવાનો નિર્ણય લીધો છે.

પાણી પુરવઠાની યોજનામાં સરકારે ૩૪૬૩ કરોડ, વન અને પર્યાવરણ માટે ૧૧૨૬ કરોડ, ક્લાઇમેટ ચેન્જ માટે ૮૦ કરોડ, મહેસૂલ વ્યવસ્થાપન માટે ૬૦૦ કરોડ તેમજ કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે ૪૩૦૫ કરોડની રકમ ફાળવવાની જાહેરાત કરી છે. રાજય સરકારે આગામી નાણાકીય વર્ષમાં વિવિધ વર્ગોમાં ૧૫૦૦૦ જેટલી ખાલી જગ્યાઓ ભરવાની ખાત્રી આપી છે.

પુરાંત ધરાવતું બજેટ

● અનુસંધાન પહેલાનું ચાલુ

આવી હોવાનું તેમણે કહ્યું હતું.

સ્વચ્છ જિલ્લો અને સ્વસ્થ જિલ્લાનું સ્વપ્ન સાકાર કરવા વ્યસનમુકિત અભિયાન છેડવાનો નિર્દેશ આપતા તેમણે જણાવ્યું હતું કે આ માટેના પ્રચાર પ્રસાર માટે રૂ. પાંચ લાખની વિશેષ જોગવાઈ કરવામાં આવી છે.

આયુર્વેદના પ્રચાર પ્રસાર તેમજ દવા માટે રૂ. ૨.૫૦ લાખ, કુપોષણનું પ્રમાણ બાળકોમાં ઘટાડી શકાય તે માટે કુપોષિત બાળકો માટે જ ખાસ રૂ. ૨૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે.

આંગણવાડી કેન્દ્રો માટે પ્રોત્સાહન તથા સાધન સંરજામ માટે પણ રૂ. પાંચ લાખની જોગવાઈ કરવામાં આવી છે.

શ્રીમતી પટેલે કહ્યું હતું કે પંચાયતની આવક મર્યાદિત હોવા છતાં ૨૦૧૫-૧૬ના અંદાજપત્રમાં તમામ વર્ગના લોકોને કલ્યાણ શાસનની અનુભૂતિ થાય તેવા શુભ હેતુ સાથે વિવિધ જોગવાઈઓ કરી છે. શિક્ષણની સાથે સ્વાસ્થ્ય પણ સારું બને અને સમૃધ્ધ જિલ્લાની દિશામાં સૌ ગતિ કરે તેનો પુરો ખ્યાલ રાખવામાં આવ્યાનું પણ તેમણે જણાવ્યું હતું.

વસંતોત્સવ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે. વસંતોત્સવમાં દેશના અનેક રાજયોમાંથી આવતા કલાકારો તેમના લોકનૃત્યો પ્રસ્તુત કરે છે. જેને નિહાળવા ગાંધીનગર, અમદાવાદના જ નહી પરંતુ રાજયભરમાંથી મુલાકાતીઓ આવે છે.

સાબરમતીના કુદરતી ઢોળાવોમાં તેનું સૌંદર્ય અકબંધ રાખીને વિકસાવાયેલ સંસ્કૃતિ કુંજમાં બપોરે ૨ વાગ્યાથી હસ્તકલા હાટનો પ્રારંભ થઈ જાય છે જે રાત્રે ૧૦ વાગ્યા સુધી ચાલે છે જયારે રાષ્ટ્રીય લોકનૃત્ય મહોત્સવ દરરોજ ૭ થી ૯ વાગ્યા દરમિયાન યોજાય છે. આ વર્ષે ગુજરાતના દાહોદનું તલવાર નૃત્ય, વડોદરાનું મેવાસી નૃત્ય, હોળી નૃત્ય અને લોકનૃત્ય, છોટા ઉદેપરનું ઘેરૈયા નૃત્ય, ભરૂચનું સિદિધમાલ નૃત્ય, બનાસકાંઠાનું જગજવેરા લોક નૃત્ય, તેમજ ડાંગનું કહાડિયા નૃત્ય પ્રસ્તુત કરાશે. આ ઉપરાંત અન્ય રાજયોના લોકનૃત્યોમાં મહારાષ્ટ્રનું લાવણી નૃત્ય, પ.બંગાળનું રાઈબેન્સે નૃત્ય, તેલંગાણાનું ધાપ્પું નૃત્ય, હરિયાણાનું ઘુમર નૃત્ય, ઉત્તરાખંડનું હાસલ નૃત્ય, રાજસ્થાનનું કાલબેલિયા નત્ય, ગોવાનું ધોડે મોડની નૃત્ય, આસામનું બારદોઈશીકલા નૃત્ય, નાગાલેન્ડનું મુગીપાન્ટો નૃત્ય અને ત્રિપુરાનું સંગરાયમોંગ નૃત્ય પણ રજુ કરવામાં આવનાર છે.

પુનઃ રચના

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રચના કરવામાં આવી છે. જેમાં વિજયસિંહ ચાવડા, ઉષાબેન પટેલ, મંગીબેન પટેલ, ગાભાજી ઠાકોર, અમરસિંહ, ગુણવંતસિંહ ચાવડા તથા નવિનભાઈ પટેલની નિયુક્તી કરવામાં આવી છે.

આજની સામાન્ય સભામાં આ ઉપરાંત બાંધકામ, આરોગ્ય, ૨૦ મુદ્દા અમલીકરણ, અપીલ સમિતિ, ખેતીવાડી અને સિંચાઈ, મહિલા બાળ વિકાસ સમિતિઓની પણ પુનઃ રચના કરવામાં આવી છે.

શિક્ષણ સમિતિમાં ભાજપના શ્રી જયેશ પટેલની નિયુક્તી કરવામાં આવી છે. આજે સમિતિઓની પુનઃરચના થઈ ગઈ છે હવે એકાદ સપ્તાહ બાદ નવા ચેરમેનોની નિયુક્તી માટેની પ્રક્રિયા હાથ ધરાશે.

પંચાયતની સામાન્ય સભા પૂર્ણ થયા બાદ કારોબારી સમિતિને સત્તાઓ પાછી નહિ સોંપવામાં આવતા અનેક તર્ક-વિતર્ક રાજકીય વર્તુળોમાં થતા જોવા મળ્યા હતા.

SANGHI CEMENT
KisaN
ashirvad C. PVC, UPVC
VINAYAK 500 TMT BARS - ISI
BENELAVE BATH FITTINGS
DR. FIXIT FOR HEALTHY CONSTRUCTION
TATA STEEL • PIPES • SHEETS
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર)
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ